# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૧૮ તા.૨૩-૦૨-૨૦૨૩

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય:- જી.૨૦ અંતર્ગત શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવા બાબત.

સંદર્ભ:- ૧. ક્રમાંક ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૨૬૨૪-૯૩ તા.૧૩-૦૨-૨૦૨૩નો પત્ર

૨. પત્રક્રમાંક : સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૩/વીએસકે-કેમ્પ તા.૦૪-૦૨-૨૩નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષે જી.૨૦ દેશોની બેઠક સંદર્ભે અધ્યક્ષીય સ્થાન ભારત પાસે છે. જે આપણા માટે ગૌરવપૂર્ણ બાબત છે. જી.૨૦ બેઠકની આ વર્ષની થીમ 'વસુધૈવ કુટુંબકમ્' છે. જે અંતર્ગત સમગ્ર દેશમાં જુદી જુદી જગ્યાએ વિવિધ કાર્યક્રમો યોજાવામાં આવનાર છે. આ ગૌરવપૂર્ણ ક્ષણની જાગૃતિ અને પ્રચાર પ્રસાર તથા લોકભાગીદાર વધારવાના ભાગરૂપે શાળાઓમાં ફેબ્રુઆરી-૨૩ થી સપ્ટેમ્બર-૨૩ દરમ્યાન આ સાથે સામેલ બિડાણ પત્ર મુજબના વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

શાળાની પ્રાર્થના સભામાં જી.૨૦ બાબતે માહિતસભર ચર્ચા કરવામાં આવે અને પત્રમાં જણાવ્યા મુજબ જણાવેલા સમયગાળા મુજબ પ્રવૃત્તિ પૂર્ણ કરી તે અંગેનો અહેવાલ અને ફોટોગ્રાફ સામેલ પત્રક મુજબની માહિતી સી.આર.સી.કો.ઓર્ડિનેટરને મોકલી આપવાની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્રો

તા.૨૩-૦૨-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

भारत 2023 INDIA

सत्यमेव जयते
GOVERNMENT OF GUJARAT

ક્રમાંક: ઘ/માધ્ય/પરચ/૨૦૨૩/૨૯૨૪-૯૩.
કમિશનર શાળાઓની કચેરી,
૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર
તા.૨૩/૦૨/૨૦૨૩

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય : G-20 અંતર્ગત શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ચાલુ વર્ષે G-20 દેશોની બેઠક સંદર્ભે અધ્યક્ષીય સ્થાન ભારત પાસે છે. જે સમગ્ર દેશના નાગરિકો માટે ખૂબ ગૌરવપૂર્ણ બાબત છે. G-20 બેઠકની આ વર્ષની થીમ 'વસુધૈવ કુટુંબકમ (One Earth, One Family, One Future)' છે. G-20 અંતર્ગત સમગ્ર દેશમાં જુદી-જુદી જગ્યાઓએ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. જેથી આ ગૌરવપૂર્ણ ક્ષણની જાગૃતિ અને પ્રચારપ્રસાર તથા લોકભાગીદારી વધારવાના ભાગરૂપે શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફેબ્રુઆરી થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમિયાન પોસ્ટર નિર્માણ, G-20 વિષય પર ક્વિઝ, નિબંધ લેખન સ્પર્ધા, Ask-Tell-Discuss, G-20 વિષય પર વક્તૃત્વ સ્પર્ધા, રંગોળી નિર્માણ, ગીત/કાવ્ય લેખન સ્પર્ધા વગેરે જેવા કાર્યક્રમોનું આયોજન કરવા સમગ્ર શિક્ષા દ્વારા સુચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. આ કાર્યક્રમોમાં વધુમાં વધુ લોકો જોડાય તે બાબત સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

ઉપરાંત, વિદ્યાર્થીઓ દ્વારા પોતાના વર્ગખંડમાં તથા શાળાના બધા જ વિદ્યાર્થીઓ દ્વારા ભેગા મળી શાળામાં એક વિશાળ માનવ રંગોળી બનાવવામાં આવે, શિક્ષકો દ્વારા સામાજિક વિજ્ઞાનના તાસમાં G-20 વિશે વિદ્યાર્થીઓને સંપૂર્ણ સમજ આપવામાં આવે તેમજ શાળાની પ્રાર્થનાસભામાં પણ G-20 બાબતે માહિતીસભર ચર્ચા કરવામાં આવે તે માટે આપની કક્ષાએથી તાબાની શાળાઓને જરૂરી સૂચના આપવી.

ઉપરોક્ત વિગતે કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ધોરણ ૬ થી ૮ ની માહિતી પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને તથા ધોરણ ૯ થી ૧૨ ની માહિતી નિયામક, શાળાઓની કચેરીને આ સાથે સામેલ પત્રક મુજબ મોકલી આપવાની રહેશે.

નિયામક
પ્રાથમિક શિક્ષણ, ગાંધીનગર.

નિયામક
શાળાઓની કચેરી, ગાંધીનગર

<u>નકલ રવાના :</u> (૧) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી.

(૨) સચિવશ્રી, સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા, ગાંધીનગર.

Scanned with CamScanner

## ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે :

| ક્રમ | શાળાનું નામ | કુલ વિદ્યાર્થી સંખ્યા | પ્રવૃત્તિનું નામ | ભાગ લેનાર વિદ્યાર્થીની સંખ્યા | ભાગ લેનાર એસએમસી સભ્યો ની સંખ્યા | ભાગ લેનાર પંચાયત સભ્યો તથા ગ્રામજનોની સંખ્યા | ભાગ લેનાર અધિકારીઓ/ પદાધિકારીઓની સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | | | |

(ઉક્ત પત્રક મુજબની માહિતી તેમજ કાર્યક્રમના ફોટોગ્રાફ્સ પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરીને મોકલી આપવી.) sanklan.dpe@gmail.com

## ધોરણ 9 થી 12 ના વિદ્યાર્થીઓ માટે :

| ક્રમ | શાળાનું નામ | કુલ વિદ્યાર્થી સંખ્યા | પ્રવૃત્તિનું નામ | ભાગ લેનાર વિદ્યાર્થીની સંખ્યા | ભાગ લેનાર અધિકારીઓ/ પદાધિકારીઓની સંખ્યા | રીમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

(ઉક્ત પત્રક મુજબની માહિતી તેમજ કાર્યક્રમના ફોટોગ્રાફ્સ નિયામક, શાળાઓની કચેરીને ssmadhyamik3@gmail.com મોકલી આપવી.)

Scanned with CamScanner

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે
NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન
ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ કચેરી,
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭,
ગાંધીનગર.
E-mail –qecell@gmail.com
ફોન નં-૦૭૯-૨૩૨૪૧૩૩

પત્રક્રમાંક-સમગ્ર શિક્ષા/ક્યુઈસેલ/૧/૨૦૨૩/VSK-૭૨૫ તા- ૪/૨/૨૦૨૩

પ્રતિ,

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા: તમામ

જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા: તમામ
શાસનાધિકારીશ્રી: અમદાવાદ,રાજકોટ,સુરત,વડોદરા

વિષય: G-20 અંતર્ગત શાળાઓમાં વિવિધ કાર્યક્રમો યોજવા બાબત...

સંદર્ભ: માન.અગ્રસચિવશ્રી શિક્ષણની સૂચના અને નોંધ ઉપર માન.એસપીડીશ્રીની મળેલી મંજૂરી.

શ્રીમાન,

ચાલુ વર્ષે યોજાનાર G-20 દેશોની બેઠક સંદર્ભે અધ્યક્ષીય સ્થાન ભારત પાસે છે(૧ ડિસેમ્બર ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર ૨૦૨૩). સમગ્ર દેશના નાગરીકો માટે આ ખૂબ જ ગૌરવપૂર્ણ બાબત છે. G-20 બેઠકની આ વર્ષની થીમ 'વસુધૈવ કુટુંબકમ(One Earth, One Family, One Future)' છે. વર્ષ ૨૦૨૩ દરમ્યાન સમગ્ર દેશમાં જુદી જુદી જગ્યાઓએ G-20 અંતર્ગત જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવનાર છે. આથી આ ગૌરવપૂર્ણ ક્ષણની જાગૃતિ અને પ્રચારપ્રસાર તથા લોકભાગીદારી વધારવાના ભાગ રૂપે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ફેબ્રુઆરી થી સપ્ટેમ્બર ૨૦૨૩ દરમ્યાન નીચે મુજબની વિવિધ પ્રવૃત્તિઓ/કાર્યક્રમોડ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. આપના જિલ્લાની તમામ શાળાઓના(ધોરણ ૬ થી ૮, ધોરણ ૯,૧૦ અને ધોરણ ૧૧,૧૨ના) મહત્તમ વિદ્યાર્થીઓ, શિક્ષકો, આચાર્યો અને વાલીઓ નીચે જણાવેલી પ્રવૃત્તિઓમાં સ્વેચ્છાએ જોડાય તેવા પ્રયાસ કરવા જણાવવામાં આવે છે.

- આ પ્રવૃત્તિઓ માટે શાળાઓ પોતાની 'સ્કુલ કમ્પોઝીટ ગ્રાન્ટ'માંથી અથવા અન્ય ઉપલબ્ધ ગ્રાન્ટમાંથી ખર્ચ કરી શકશે.
- આચાર્યોએ પ્રત્યેક મહીનાની ૩ જી તારીખ સુધીમાં G-20 અંતર્ગત પોતાની શાળામાં થયેલી પ્રવૃત્તિઓનો અહેવાલ(ફોટોગ્રાફ્સ સહીત) ફક્ત સોફ્ટકોપીમાં આ સાથે સામેલ ફોર્મેટ મુજબ જિલ્લા કક્ષાએ મોકલી આપવાનો રહેશે. અહેવાલ ફક્ત શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં એક્સેલ ફાઈલમાં જ મોકલવાનો રહેશે.
- પ્રાથમિક શાળાઓએ માટે મદદનીશ જિલ્લા કો.ઓ.-ક્યુઈએમ અને માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓએ સેકન્ડરી પ્રોજેક્ટ કો.ઓર્ડીનેટરને મોકલી આપવાની રહેશે. જે જિલ્લામાં સેકન્ડરી પ્રોજેક્ટ કો.ઓ.ની જગ્યા ખાલી હોય ત્યાં મદદનીશ જિલ્લા કો.ઓ.-ક્યુઈએમએ તમામ શાળાઓનું એકન્દરીકરણ કરવાનું રહેશે.
- એકન્દરીકરણ કરેલ અહેવાલ પ્રત્યેક મહીનાની ૧૦મી તારીખ સુધીમાં જિલ્લાની શાળાઓમાંથી આવેલા અહેવાલનું એકન્દરીકરણ કરીને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટેની અલગ-અલગ એક્સેલ ફાઈલ રાજ્યના ઈ-મેઈલ આઈડી **G20 GUJ EDU@gmail.com** પર મોકલી આપવાની રહેશે.

| ક્રમ | સમયગાળો | પ્રવૃત્તિ/કાર્યક્રમ | ભાગ લેનાર |
|---|---|---|---|
| ૧ | ફેબ્રુઆરી-૨૩ અને માર્ચ-૨૩ | પોસ્ટર નિર્માણ<br>(થીમ- વસુધૈવ કુટુંબકમ અથવા One Earth, One Family, One Future ) | શાળાના વિદ્યાર્થીઓ<br>વિભાગ-૧ ધોરણ ૬ થી ૮,<br>વિભાગ-૨ ધોરણ ૯-૧૦,<br>વિભાગ-૩ ધોરણ ૧૧-૧૨ |

| | | | |
|---|---|---|---|
| ૨ | માર્ચ-૨૩ અને એપ્રિલ-૨૩ | G-20 વિષય ઉપર ક્વીઝ (G-20ના હેતુ, સભ્યો, G-20 ૨૦૨૩ માટેના હોસ્ટ શહેરો વગેરે) | શાળાના વિદ્યાર્થીઓ વિભાગ-૧ ધોરણ ૯-૧૦, વિભાગ-૨ ધોરણ ૧૧-૧૨ |
| ૩ | માર્ચ-૨૩ અને એપ્રિલ-૨૩ | નિબંધ લેખન સ્પર્ધા (G-20, વૈશ્વિક સમસ્યાઓ અને તેના ઉકેલ) | વિભાગ-૧ ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ વિભાગ-૨ માધ્યમિક શાળાના આચાર્ય અને શિક્ષકો |
| ૪ | દૈનિક | Ask-Tell-Discuss (શાળાની પ્રાર્થના દરમ્યાન અને ઘરે વાલીઓ સાથે G-20 વિશેની રસપ્રદ વાતો જાણો અને જણાવો.) | ધોરણ ૧૦ થી ૧૨ના વિદ્યાર્થીઓ શાળાના આચાર્ય અને શિક્ષકો |
| ૫ | જૂન-૨૩ | G-20 વિષય ઉપર વક્તૃત્વ સ્પર્ધા | શાળાના વિદ્યાર્થીઓ વિભાગ-૧ ધોરણ ૬ થી ૮, વિભાગ-૨ ધોરણ ૯-૧૦, વિભાગ-3 ધોરણ ૧૧-૧૨ |
| ૬ | માર્ચ-૨૩ થી જુલાઈ-૨૩ | રંગોળી નિર્માણ(G-20 લોગો, સૂત્ર, થીમ) | પ્રાથમિક શાળા, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા |
| ૭ | ઓગસ્ટ-૨૩ | ગીત/કાવ્ય લેખન સ્પર્ધા | ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ શાળાના આચાર્ય અને શિક્ષકો |

તમામ શાળાઓના આચાર્યશ્રીઓ અને શિક્ષકશ્રીઓએ વિદ્યાર્થીઓને G-20 વિષયક માહિતી મળી રહે તેવું આયોજન કરવું તેમજ સ્પર્ધાઓ માટે માહિતીસભર અભ્યાસ સામગ્રી ઉપલબ્ધ કરાવવાની રહેશે તેમજ માર્ગદર્શન આપવાનું રહેશે.

**નોંધ: શાળાઓ ઉપર જણાવેલી પ્રવૃત્તિઓ સિવાયની અન્ય પ્રવૃત્તિઓ પણ યોજી શકશે.**

**બીડાણ: શાળાઓએ જિલ્લા કક્ષાએ મોકલવાના અહેવાલનું ફોર્મેટ**

**(મહેશ મહેતા)**
**સચિવ,**
**સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ**
**સમગ્ર શિક્ષા,ગાંધીનગર**

# G-20 અંતર્ગત શાળા કક્ષાએ યોજાયેલી પ્રવૃત્તિઓ

| ક્રમ | જિલ્લો | તાલુકો | શાળાનું નામ | તારીખ | પ્રવૃત્તિ | ધોરણો | ભાગ લીધેલા બાળકોની સંખ્યા | ફોટોગ્રાફ્સ અથવા અન્ય વિગતો |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | |
| | | | | | | | | |